ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### મધ્યપ્રદેશથી બે વાઘણ લાવવાની તૈયારી, વાઘના વંશવેલાના સંવર્ધન માટે મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરૂ

## દાહોદના જંગલમાં ગૂંજશે વાઘણોની ત્રાડ



સાગટાળા અને કજેટા રેન્જમાં વાઘની સતત દેખરેખ, 14 નાઈટ વિઝન કેમેરાથી મોનિટરિંગ

(પ્રતિનિધિ) દાહોદ તા.29

ગુજરાતના વન્યજીવ પ્રેમીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. દાહોદના જંગલોમાં મધ્યપ્રદેશથી આવેલા વાઘે વસવાટ શરૂ કર્યો છે ત્યારે આ વિસ્તારમાં વાઘનો કાયમી વસવાટ અને તેના વંશવેલાનું સંવર્ધન થાય તે હેતુથી રાજ્ય સરકાર અને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) દ્વારા વિશેષ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત મધ્યપ્રદેશમાંથી બે વાઘણોને દાહોદના જંગલ વિસ્તારમાં લાવવામાં આવશે.આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે વન વિભાગ દ્વારા વિગતવાર એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. એપ્રિલ મહિનાના અંતમાં NTCA અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII), દહેરાદૂનની ટાઈગર સેલની નિષ્ણાત ટીમોએ દાહોદની મુલાકાત લઈને સ્થાનિક વનકર્મીઓને ત્રણ દિવસ સુધી વિશેષ તાલીમ આપી હતી.

તાલીમ દરમિયાન વાઘના સંરક્ષણ, દેખરેખ, સુરક્ષા અને મોનિટરિંગ સહિતની વિવિધ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, વાઘના પંજાના નિશાન પરથી નર અને માદા વાઘની ઓળખ કેવી રીતે કરવી તેની પણ પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. હાલમાં દાહોદ નજીક આવેલા સાગટાળા જંગલ વિસ્તારમાં વાઘની ગતિવિધિઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે. વાઘના ચોક્કસ લોકેશન અને તેની હલનચલન અંગે માહિતી મેળવવા માટે જંગલ વિસ્તારમાં 14 જેટલા અત્યાધુનિક નાઈટ વિઝન કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં વાઘ દાહોદની કજેટા અને સાગટાળા રેન્જ વિસ્તારમાં સ્થાયી થયેલો જોવા મળ્યો છે. ટૂંક સમયમાં મધ્યપ્રદેશથી બે વાઘણોને અહીં લાવીને જંગલમાં મુક્ત કરવામાં આવશે, જેથી આ વિસ્તારમાં વાઘની પ્રજાતિનો વિકાસ અને સંવર્ધન થઈ શકે.વન્યજીવ નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટ સફળ બનશે તો ગુજરાતના વન્યજીવ ઈકોસિસ્ટમને નવી દિશા મળશે તેમજ વન્યજીવ પ્રવાસન ક્ષેત્રે પણ દાહોદ રાજ્યના મહત્વના કેન્દ્ર તરીકે ઉભરી શકે છે.

### ૧૬૮૦ બોટલનો જથ્થો જપ્ત, આરોપી ફરાર

## ગરબાડામાં જીપ કંપાસમાંથી ૨.૭૭ લાખનો દારૂ ઝડપાયો

ગરબાડા : ગરબાડા પોલીસે દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરી છે. ગાંગરડી ગામના સરાબલી પાસેથી એક વૈભવી જીપ કંપાસ કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ગરબાડા DySP એમ.કે. સ્વામી અને ગરબાડા પોલીસ મથકના પીઆઈના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી. ગરબાડા પોલીસ મથકના એ.એસ.આઈ શૈલેષભાઈ જોતિભાઈ અમલિયાર અને તેમનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ જીપ કંપાસ ફોર વ્હીલ ગાડી નંબર GJ.01. RZ.0578 ને અટકાવી તપાસ કરતા મધ્યપ્રદેશ તરફથી લાવવામાં આવતો અલગ અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ગાડીમાંથી કુલ 1680 નાની-મોટી દારૂની બોટલો કબજે કરી હતી, જેની અંદાજિત કિંમત 2,77,440 થાય છે. દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી જીપ કંપાસ કાર, જેની કિંમત 5 લાખ છે, તે પણ જપ્ત કરવામાં આવી હતી.

### 2 હીટાચી અને 9 હાઇવા ટ્રક જપ્ત ક

## ઘનસરમાં ગેરકાયદે માટી ખનન પર પોલીસનો દરોડો



DySP વી.જે. રાઠોડની નાઇટ પેટ્રોલિંગ દરમિયાન ભાંડો ફૂટ્યો

રોયલ્ટી પાસ વિના માટી પરિવહન કરતા વાહન ઝડપાયું

(પ્રતિનિધિ) હાલોલ તા.29

હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઘનસર ગામે ગેરકાયદેસર માટી ખનન સામે પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. તળાવમાંથી ગેરકાયદેસર રીતે માટી ખનન અને પરિવહન કરવામાં આવતું હોવાનું બહાર આવતા પોલીસે 2 હીટાચી મશીન તથા 9 હાઇવા ટ્રક જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.મળતી માહિતી મુજબ, જિલ્લામાં ગેરકાયદેસર માટી, રેતી અને કપચી ખનન કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવી હતી. આ અનુસંધાને હાલોલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વી.જે. રાઠોડ 27 મેની રાત્રે કોમ્બિંગ અને પેટ્રોલિંગમાં હતા. દરમિયાન રાત્રિના આશરે 1 વાગ્યે ગોપીપુરા ગ્રામ પંચાયત સામે એક હાઈવા ડમ્પર માટી ખાલી કરતું જોવા મળ્યું હતું.

પોલીસે ડમ્પર ચાલક પાસે રોયલ્ટી પાસની માંગણી કરતાં કોઈપણ પ્રકારનો માન્ય પાસ રજૂ કરી શક્યો ન હતો. જેના પગલે DySP રાઠોડે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ. જાડેજાને સ્થળ પર બોલાવી વધુ તપાસ શરૂ કરાવી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ. જાડેજા, PSI જે.ડી. તરાલ અને સર્વેલન્સ ટીમના સ્ટાફે પકડાયેલા ડમ્પરના ચાલકની પૂછપરછના આધારે ઘનસર ગામના તળાવ સુધી પહોંચીને તપાસ હાથ ધરી હતી. ત્યાં બે હીટાચી મશીન તેમજ માટી ભરેલા અને ખાલી મળી કુલ 9 હાઈવા ડમ્પર મળી આવ્યા હતા, જેનો ઉપયોગ ગેરકાયદે ખનન માટે થતો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.પોલીસે તમામ વાહનો અને મશીનોને કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન ખાતે ખસેડ્યા હતા. ત્યારબાદ સમગ્ર મુદ્દે આગળની કાયદેસરની કાર્યવાહી માટે મામલો ભુસ્તરશાસ્ત્રી તથા ખાણ-ખનીજ વિભાગને સોંપવામાં આવ્યો છે.

## દાહોદમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો ત્રાટક્યા

### છતનું સિમેન્ટ પતરું તોડી ઘરમાં પ્રવેશી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.5.25 લાખની ચોરી

(પ્રતિનિધિ) દાહોદ તા.29

દાહોદ શહેરની રણીયાતી અર્બન હોસ્પિટલ સામે આવેલ સાસીવાડ વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ.5.25 લાખથી વધુની મત્તા ચોરી કરી ફરાર થઈ જતા વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. બનાવ અંગે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા. 9-5-2025ની મોડી રાત્રે તસ્કરો ચોરીના ઈરાદે સાસીવાડ વિસ્તારમાં રહેતા મનુભાઈ બબનીયાભાઈ બલીયા (સાસી)ના મકાન પર ત્રાટક્યા હતા. તસ્કરોએ મકાનની અંદર આવેલા રૂમની છત ઉપરનું સિમેન્ટનું પતરું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ રૂમમાં મુકેલી લોખંડની તિજોરીના નાના-નાના ખાનાઓ ખોલી તેમાં રહેલા કિંમતી દાગીના અને રોકડ પર હાથ ફેરવી ફરાર થઈ ગયા હતા. ચોરીમાં આશરે 20 ગ્રામ 310 મિલિગ્રામ વજનના રૂ.2.25 લાખના સોનાના દાગીના, 1 કિલો 233 ગ્રામ વજનના રૂ.1.82 લાખના ચાંદીના દાગીના તેમજ રૂ.50 હજારની રોકડ મળી કુલ રૂ.5.25 લાખથી વધુની મત્તાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે મનુભાઈ બબનીયાભાઈ બલીયાએ દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વિવિધ એજન્સીઓની મદદથી તસ્કરો સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.



### સેનેટરી પેડના યોગ્ય ઉપયોગ અને તેના સુરક્ષિત નિકાલ અંગે સમજાવવામાં આવ્યું

## પી.એચ.સી. બાવકા ખાતે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી

(પ્રતિનિધિ) દાહોદ તા.29

દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ માસિક સ્વચ્છતા દિવસ નિમિતે પી.એચ.સી. બાવકા ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ગિરવર બારીયા તથા આર.સી.એચ.ઓ ડૉ.અશોક ડાબી તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ભગીરથ બામણીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર શ્રી વિશાલ ડામોર, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના CHO, બાવકા પી.એચ.સી.ના



MPHS, MPHW, FHW તેમજ RBSK કાર્યક્રમમાં ઉપસ્થિત ડૉ. પન્ના ડામોર દ્વારા કિશોરીઓનુ કિશોરાવસ્થા દરમિયાન જરૂરી પોષણ, વિવિધ આરોગ્ય સમસ્યાઓ તથા એડોલેસન્ટ ક્લિનિકમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે જ માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા જાળવવાના મહત્વ વિશે કિશોરીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માસિક ધર્મ અંગે સામાજિક જાગૃતિ લાવવાનો તેમજ સ્ત્રીઓ અને કિશોરીઓને માસિક સ્વચ્છતા સંબંધિત પડકારો અને ચિંતાઓ અંગે યોગ્ય સમજણ આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતા કિટ્સનો ઉપયોગ, યોગ્ય પરામર્શ, પૌષ્ટિક આહાર અને આરોગ્યપ્રદ જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત માસિક દરમિયાન થતા દુખાવાને ઘટાડવા માટે યોગ શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું.

## સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની કાલોલ શાખા સ્થળાંતરિત

કાલોલ : કાલોલ નગરમાં ગ્રાહકોને વધુ આધુનિક અને સુવિધાજનક બેંકિંગ સેવાઓ મળી રહે તે હેતુથી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખાનું નવા લોકેશન પર સ્થળાંતર કરાયું છે. ટાઉન હોલ પાસે કાર્યરત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા હવે કલાલ ઝાંપા બજારમાં આવેલી લાડ વાડીના નવા મકાનમાં શિફ્ટ થઈ છે. નવી શાખાના શુભારંભ પ્રસંગે આજે શુક્રવારે સવારે શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અને કથાનું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. નવીન બેંક પરિસરમાં આયોજિત કાલોલના અગ્રણીઓ, મોટી સંખ્યામાં બેંકના ગ્રાહકો અને થાપણદારો ઉપસ્થિત રહ્યા હતા.

### સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસની માગ

## સજોઈમાં સરકારી અનાજ વિતરણમાં રાજકીય ભેદભાવ!

(પ્રતિનિધિ) દાહોદ તા.29

ધાનપુર તાલુકાના સજોઇ ગામે પ્રમુખ શ્રી ધન્વંતી સખી મંડળ સંચાલિત 22023 પરવાના નંબર સરકારી સસ્તા અનાજની દુકાન - 2સામે ગંભીર આક્ષેપો ઊભા થયા છે. ગામના અનેક કાર્ડધારકોના જણાવ્યા મુજબ દુકાનદાર દ્વારા ચૂંટણીનો વિરોધ રાખી ગરીબ લોકોને અનાજ વિતરણ સમયે રાજકીય ટિપ્પણીઓ અને માનસિક હેરાનગતિ કરવામાં આવી રહી છે. આક્ષેપ મુજબ અનાજ લેવા જતા ગરીબ પરિવારોને "તમે આમ આદમી પાર્ટીને વોટ આપ્યો છે" કહીને તાના મારવામાં આવે છે તેમજ ધમકાવવાના પ્રયાસો થાય છે. નોંધનીય છે કે આ દુકાનદાર અગાઉ ભાજપ પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા અને તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પરાજય પામ્યા હતા. ત્યારબાદથી ચૂંટણીની અદાવત ગરીબ લોકો ઉપર ઉતારવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

સ્થાનિક લોકોના કહેવા મુજબ દુકાનદારની પત્ની, જે આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવે છે, તેઓ પણ કાર્ડધારકો સાથે ભેદભાવભર્યો વ્યવહાર કરતા હોવાના આરોપો છે. ગરીબ અને આદિવાસી પરિવારોને મળતું સરકારી અનાજ કોઈ રાજકીય પાર્ટીની મિલ્કત નથી છતાં લોકો સાથે પક્ષપાતપૂર્ણ વર્તન થતું હોવાની ચર્ચાઓ ગામમાં જોર પકડી રહી છે. સવાલ એ ઊભો થાય છે કે શું સરકારી સસ્તા અનાજની દુકાનો હવે રાજકીય વિચારધારાના આધારે ચલાવવામાં આવશે? શું ગરીબોને મળતું અનાજ કોઈ પક્ષના આશીર્વાદથી આપવામાં આવે છે?

જો નહિ, તો પછી સામાન્ય અને નિર્દોષ લોકોને રાજકીય વેરઝેરનો ભોગ કેમ બનાવવામાં આવી રહ્યા છે? ધાનપુર તાલુકાનું પુરવઠા તંત્ર અને જવાબદાર અધિકારીઓ આ સમગ્ર મામલે ક્યારે જાગશે તે હવે ચર્ચાનો વિષય બન્યો છે. ગરીબ વર્ગને મળતી સરકારી સહાયમાં જો રાજકીય ભેદભાવ દાખવાશે તો લોકોનો વિશ્વાસ તંત્ર પરથી ઉઠી જશે.

સ્થાનિક લોકોએ માંગ કરી છે કે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ ગરીબ પરિવારને રાજકીય અદાવતનો ભોગ ન બનવું પડે.

## GIA અને SF આઈ.ટી.આઈ. ખાતે એડમિશન પ્રક્રિયા શરૂ

ગોધરા: પંચમહાલ જિલ્લામાં કાર્યરત વિવિધ સરકારી, ગ્રાન્ટ-ઈન-એડ (GIA) તથા સેલ્ફ-ફાઈનાન્સ (SF) આઈ.ટી.આઈ. (ITI) ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ચાલુ વર્ષે જિલ્લાની વિવિધ સંસ્થાઓમાં આશરે ૬૯૭૨ બેઠકો પર ઉમેદવારોની ભરતી કરવામાં આવનાર છે. આ પ્રવેશ પ્રક્રિયામાં ધોરણ ૮ થી ૧૦ પાસ કરેલ તમામ ઉત્સુક ઉમેદવારો અરજી કરી શકશે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો પોતાની નજીકની આઈ.ટી.આઈ. ખાતે કાર્યરત 'હેલ્પ ડેસ્ક' ની મુલાકાત લઈને વિના મૂલ્યે ફોર્મ ભરી શકશે.

## સી-ટુ-ડી ડિપ્લોમા પ્રવેશ પ્રક્રિયા માટે માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગોધરા:સરકારી પોલિટેકનિક, ગોધરા દ્વારા ધોરણ ૧૦ પછીના પ્રથમ વર્ષ અને સી ટુ ડી (C to D) બીજા વર્ષ ડિપ્લોમા અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૬-૨૭ ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની માહિતી અને પ્રવેશ કાર્યવાહીના ક્રમિક પગલાં અંગે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને પડતી મુશ્કેલીઓના માર્ગદર્શન અને વિવિધ સમસ્યાના નિરાકરણ માટે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ (ACPDC), અમદાવાદ દ્વારા આ માર્ગદર્શન સેમિનાર અને ચર્ચા સભાનું આયોજન તારીખ ૦૧/૦૬/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શહીદ ભગતસિંહ ઓડિટોરિયમ હોલ, સરકારી પોલિટેકનિક, ગોધરા ખાતે રાખવામાં આવેલ છે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ (ACPDC), અમદાવાદ આ સેમિનારમાં ઓનલાઈન ફોર્મ ભરવાની પદ્ધતિ, જરૂરી દસ્તાવેજો (Documents) અને મેરિટ પ્રક્રિયા અંગે વિગતવાર સમજણ આપવામાં આવશે.

### બે તબીબોની સંવેદનશીલતા અને જાગૃત નાગરિકોનો સહયોગ

## હાલોલ રોડ પર અકસ્માતનો ભોગ બનેલી ગાયને મળ્યું નવજીવન

(પ્રતિનિધિ) હાલોલ તા.29

પંચમહાલ જિલ્લાના હાલોલ બાયપાસ રોડ પર જોવા મળી, જ્યાં ગંભીર રીતે ઘાયલ એક ગાય માટે બે સરકારી તબીબો અને સ્થાનિક નાગરિકો દેવદૂત સાબિત થયા હતા. હાલોલ બાયપાસ રોડ પરથી પસાર થઈ રહેલા એક અજ્ઞાત વાહને એક ગાયને અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ગાય રસ્તાની વચ્ચે જ ઘાયલ હાલતમાં અસહ્ય વેદનાથી તરફડી રહી હતી. વાહનો પસાર થઈ રહ્યા હતા, પણ કોઈનું ધ્યાન એ મૂંગા જીવની ચીસ પર નહોતું જતું. બરાબર એ જ સમયે ત્યાંથી પોતાની નિયમિત ફરજ પર જઈ રહેલા MVD (મોબાઈલ વેટરનરી ડિસ્પેન્સરી)



ના કર્મનિષ્ઠ તબીબો ડૉ. ઉર્વશી અને ડૉ. શૈશવ ત્યાંથી પસાર થયા. રસ્તા પર કણસતી ગાયને જોઈને આ બંને ડૉક્ટરોની સંવેદનશીલતા જાગી ઉઠી હતી.

## દાહોદ મુસ્લિમ મુસાફરખાના વકફ કેસમાં નવા વહીવટદારોનો વિજય

(પ્રતિનિધિ) દાહોદ તા.29

દાહોદ સ્થિત મુસ્લિમ મુસાફરખાના વકફ નંબર-૫/૭૯ પંચમહાલ-દાહોદ, જે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ ટ્રસ્ટ છે. તેના ત્રણ જેટલા જુના વહીવટદારોના અવસાન બાદ ટ્રસ્ટના સંચાલનને સુચારું રાખવા માટે દાહોદના પઠાણ ફિરોજ જાન મહંમદ દ્વારા ગુજરાત રાજ્ય બોર્ડ સમક્ષ ફેરફાર રિપોર્ટ નં-૯૮/૨૩ તારીખ ૨૦-૦૪-૨૦૨૪ના રોજ રજુ કરાયો હતો. જેમાં નવા નવ વહીવટદારોનો સમાવેશ કરાયો હતો. જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી ફેરફાર રિપોર્ટને બિન તકરારી જાહેર કરી મંજૂરી આપી હતી. જોકે, કેટલાક જુના વહીવટ દારોએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવી ગુજરાત વકફ ટ્રિબ્યુનલ, ગાંધીનગર સમક્ષ અપીલ નંબર-૩/૨૦૨૫ તા.૦૫-૦૩-૨૦૨૫ ના રોજ દાખલ કરી હતી. ટ્રસ્ટના ત્રણ વહીવટદારોના અવસાન અંગે ગુજરાત રાજ્ય વકફ બોર્ડને સમયસર જાણ કરવામાં આવી નહોતી. વધુમાં ફેરફાર રિપોર્ટ સામેની અપીલ પણ કાયદાકીય સમય મર્યાદા બાદ દાખલ કરાઈ વકફ ટ્રીબ્યુનલના અધ્યક્ષ એસ. એમ. રાજપુરોહિતે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા મંજૂર કરાયેલ ફેરફાર રિપોર્ટ નં-૯૮/૨ ઉને યથાવત રાખવાનો હુકમ કર્યો હતો.

## દાહોદ ખાતે દિવ્યાંગ- પ્રજ્ઞાચક્ષુ માટે રાજ્યકક્ષા ચેસ ટુર્નામેન્ટ 2026 નું આયોજન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) દાહોદ તા.29

નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ દાહોદ, બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ દાહોદ અને ગુજરાત ચેસ એસોસિએશન ફોર વિઝ્યુઅલી ચેલેન્જડ ના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે રાજ્યકક્ષા ચેસ ટુર્નામેન્ટ નું આયોજન લલિત પાઈપ એન્ડ પાઈપ પ્રાઈવેટ લિમિટેડ મુંબઈના સૌજન્યથી તારીખ 29 5 2026 થી 31 5 2026 સુધી કરવામાં આવ્યું જેનો ઉદ્ઘાટન સમારોહ કોન્ફરન્સ હોલ બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ દાહોદ ખાતે લલિત પાઈપ એન્ડ પાઈપ્ ના પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર જોહરભાઈ દિલેર ના અધ્યક્ષ



સ્થાને અને અતિથિ વિશેષ તરીકે લાયન્સ ક્લબ દાહોદ સિટીના પ્રમુખ લા કમલેશ લીમ્બાચીયા ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો .સ્વાગત પ્રવચન નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ ના પ્રમુખ ડોક્ટર નગેન્દ્રનાથ નાગર દ્વારા કરવામાં આવ્યું. અધ્યક્ષ અને અતિથિ વિશેષનો બુકે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. સંસ્થાનો પરિચય મંત્રી યુસુફી કાપડિયા દ્વારા આપવામાં આવ્યો.

ગુજરાત ચેસ એસોસિએશનના મંત્રી વિરલભાઈ ત્રિવેદી દ્વારા ટુર્નામેન્ટ અંગેની રૂપરેખા આપવામાં આવી અતિથિ વિશેષ કમલેશ લીમ્બાચીયા અને અધ્યક્ષ જોહરભાઈ દલેર દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદબોદન કરવામાં આવ્યું. આભારવિધિ વી એમ પરમાર દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેશભાઈ નાયક દ્વારા કરવામાં આવ્યું .ત્યારબાદ ટુર્નામેન્ટ ખુલ્લી જાહેર કરવામાં આવી.